## જન્મદિને વધામણી



માનુષ જિતેન્દ્ર ચુડાસમા
મો. ૯૯૭૯૭ ૬૯૯૫૦



મધુબેન દિનેશભાઈ પરમાર
મો. ૮૧૪૦૪ ૬૫૨૬૬



સ્નેહાબેન મહેતા
લાયોનેસ ક્લબ



વેદકુમાર સચિનભાઈ દરજી
મો. ૯૮૨૪૬ ૯૧૯૨૬



દેવ પ્રજાપતિ



આશિષ બ્રહ્મભટ્ટ
મો. ૬૩૫૨૧ ૬૧૯૪૯

# શ્રી જે બી પ્રાથમિક શાળામાં વાલી મીટિંગ



ગાંધીનગર, તા. ૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં ધોરણ-૧,૨ના વિદ્યાર્થીઓના વાલીઓની એક મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. વાલીઓ મોટી સંખ્યામાં આ નિમિત્તે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે બાળકોના વિકાસ અંગે શિક્ષકો સાથે ખૂલીને ચર્ચા કરી હતી.

શિક્ષકોએ તમામ વિષયોમાં કેવી રીતે તૈયારી કરવી તે અંગે તથા વિષયોનાં મહત્ત્વ વિશે, પરીક્ષા વિશે, શિસ્ત-નિયમિતતા અને સારા ઘડતર વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. વાલીઓએ શાળાના શિક્ષણ અને પ્રવૃત્તિઓ અંગે પોતાના અભિપ્રાય રજૂ કર્યા હતા. આચાર્ય નીવાબેન પટેલ અને શિક્ષકો દ્વારા બાળકોનું જીવન પૂર્ણતા, શાંતિ અને સુખ તરફ વળે, તેમના પ્રેરણા બળ મળે તે માટે તથા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે સુચારુ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# વી એમ - એચ વી પટેલ બાલમંદિર દ્વારા રથયાત્રા





શ્રી વી એમ પટેલ કુમાર અને શ્રીમતી એચ વી પટેલ કન્યા બાલમંદિર દ્વારા શનિવારે રથયાત્રાની ઉજવણી કરવામાં આવી હતી. ભૂલકાઓ આ ઉજવણી માટે વિભિન્ન વેશભૂષામાં સજ્જ થઈને આવ્યાં હતાં. સમગ્ર પરિસર 'જય રણછોડ, માખણચોર'ના નારાથી ગૂંજી ઉઠ્યું હતું. રથને કુમકુમ તિલક કરી શેઠ સી એમ હાઈસ્કૂલનાં પ્રિન્સિપાલ ચેતનાબેન બુચ દ્વારા રથને ખેંચી રથયાત્રાનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. જુદી-જુદી શાળાઓ દ્વારા આ રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. લલિતકલામાં મોસાળુ યોજાયું હતું, જ્યાં દિનાબેન ડોડિયાના હસ્તે સૌને બૂંદીનો પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો. સૌએ આનંદ અને ઉલ્લાસથી આ ઉજવણી સંપન્ન કરી હતી.

# માઉન્ટ કાર્મેલ સ્કૂલ દ્વારા સ્થાપના દિવસની ઉજવણી





સેક્ટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી. તા. ૧૬ જુલાઈ માઉન્ટ કાર્મેલ શાળાનો સ્થાપના દિન હોઈ તેના અંતર્ગત તા. ૧૪,જુલાઈનાં રોજ ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ. કાર્મેલ માતા-મધર મેરી તથા શાળાના ઈતિહાસની જાણકારી અપાઈ. શાળાના તમામ સિસ્ટર્સ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ માટે પ્રાર્થના કરવામાં આવી. ખુશી વ્યક્ત કરતો ડાન્સ તથા કાર્મેલ નાં ગુણો દર્શાવતું નાટક પણ પ્રસ્તુત કરવામાં આવ્યું . શાળાના આચાર્યા સિસ્ટર જેનીફરે વિદ્યાર્થીઓને જીવનમાં શિસ્તનું મહત્વ અને જરૂરિયાતની શીખ આપી. આમ, સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો.

# એસ વી પ્રિસ્કૂલમાં ફ્રૂટ ડેની ઉજવણી



એસવી ઈંગ્લિશ મીડિયમ પ્રિ સ્કૂલ ખાતે શુક્રવારે ફ્રૂટ ડેની ઉજવણી કરવામાં આવી હતી. વાલીઓએ બાળકોને લંચ બૉક્સમાં વિવિધ પ્રકારના ફ્રૂટ્સ તથા ફ્રૂટ્સને લગતા ચાર્ટ, કટ આઉટ્સ, ટેટુ ઉપરાંત ફ્રૂટ બૉક્સ અને ફ્રૂટ ટ્રે મોકલ્યાં હતાં. શિક્ષકોએ બાળકોને આ તમામ ફ્રૂટ્સ બતાવીને તેના વિશે જાણકારી આપી હતી. આરોગ્યની દૃષ્ટિએ ફ્રૂટ્સ કેટલાં મહત્ત્વનાં છે તે સમજાવી બાળકોને ફ્રૂટ્સ ખાવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. પ્રિન્સિપાલ જિજ્ઞા દર્પણ બુચના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલી ફ્રૂટ પંચ નામની રમત બાળકોને રમાડવામાં આવી હતી, જેને બાળકોએ મન ભરીને માણી હતી.

# રેડિયન્ટ સ્કૂલમાં શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ





ગાંધીનગર, તા. ૧૪

સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સમાં વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષયમાં આવતા સ્થાનિક સ્વરાજની ચૂંટણી, લોકશાહી જેવાં એકમો અસરકારક રીતે સમજાવવાના હેતુસર ધોરણ-૬થી ૯ (ગુજરાતી માધ્યમ)ના તમામ વિદ્યાર્થીઓ માટે 'શાળા પંચાયત ચૂંટણી' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સામાજિક વિજ્ઞાનના શિક્ષક રાજેશ ચૌહાણના આયોજન હેઠળ આ ધોરણોમાંથી પાંચ ઉમેદવારો પસંદ કરવામાં આવ્યા હતા. દરેક વિદ્યાર્થીએ સ્થાનિક સ્વરાજની ચૂંટણી પ્રક્રિયાને મતદાન કરીને સંપન્ન કરવામાં સહકાર આપ્યો હતો. મતગણતરી બાદ સામે આવેલા પરિણામને આધારે સાનિયા અશોકભાઈ પટેલ (ધોરણ-૯, ગુજરાતી માધ્યમ)ની હેડ ગર્લ તરીકે ચૂંટાયેલી જાહેર કરવામાં આવી હતી.

સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા, કૅમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજા, હેડ કો-ઓર્ડિનેટર તથા શિક્ષકોએ વિદ્યાર્થીઓની આ કામગીરીને બિરદાવી હતી અને સ્વયં ચૂંટણી માટે મતદાન કરી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં.

# બી.સી.એ. કોલેજમાં મોટીવેશનલ ટોક યોજાઈ



ગાંધીનગર, તા. ૧૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પુટર સ્ટડીઝ બીસીએના વિદ્યાર્થીઓ માટે તેમનામાં રહેલી શુષુપ્ત શક્તિઓને જગાવવા "સ્પ્રેડ યોર વિંગ્સ એન્ડ ફ્લાય" શીર્ષક અંતર્ગત એક મોટીવેશનલ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. પોતાનું વ્યકતવ્ય આપતા મોટીવેશનલ સ્પીકર, ગુજરાત રંગમંચમાં ડાયરેક્ટર અને એક્ટર તેમજ હાયર એજ્યુકેશનમાં અવિરત સેવા આપતા કમલ જોશીએ વિદ્યાર્થીઓને જણાવ્યુ હતું કે આજના વિદ્યાર્થીઓએ પોતાનામાં રહેલી શુષુપ્ત શક્તિઓને જગાડવા માટે અંદરની તમામ નબળાઈઓને દુર કરી પોતે અણીશુદ્ધ થઈને ઝીરોથી શરૂઆત કરવી પડશે. જો ઝીરોથી શરૂઆત કરશો તો કંઈક શીખવાની તમન્ના રહેશે. જો આપણે પહેલેથીજ "મને બધું આવડે છે" તેમ મગજમાં રાખીશું તો કઈ શીખી શકાય નહિ. કોઈપણ ક્રિએટિવ બાબતનો વિચાર કરવા માટે આત્મસ્ફુરણા થવી એ ખૂબજ જરૂરી છે, તે વાત પર તેમણે વિશેષ ધ્યાન આપ્યું હતું. જીવનમાં આગળ વધવા માટે ગોલ સેટિંગ વિષે વાત કરતાં તેઓએ જણાવ્યુ હતુ કે આજે લોકો ધ્યેય નક્કી કરી લે છે અને તેને પ્રાપ્ત કરવા માટે જરૂરી વાંચન, ચિંતન, મનન કરતાં નથી તેથી તેઓ નિધિધ્યાસ સુધી પહોચી શકતા નથી અને છેવટે એ ધ્યેય પડતું મુકે છે. એટલે પહેથીજ ધ્યેય નક્કી કરવાને બદલે આપણા પોતાનામાં જ્યાં જ્યાં ખામી દેખાતી હોય તેને દુર કરી એટલા મજબુત થાઓ કે સફળતા તેની મેળે જ તમારી સાથે આવે. તેવી વાત તેઓએ પોતાના વ્યકતવ્યમાં કરી હતી.

કાર્યક્રમના અંતિમ ચરણમાં વિદ્યાર્થીઓ દ્વારા પૂછયેલા પ્રશ્નોનાં તેઓએ સંતોષકારક જવાબો આપ્યા હતા. બીસીએના ૯૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ આ અભિપ્રેરણાત્મક વાર્તાલાપનો લાભ પ્રાપ્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન પ્રાધ્યાપક પ્રો. જૈમિની કુલકર્ણી દ્વારા કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માટે કોલેજ દ્વારા નક્કી કરવામાં આવેલા સેમિનાર-વર્કશોપ સીરીઝનાં આ દ્વિતીય સેમિનારનું આયોજન કોલેજના ડાયરેક્ટર ડૉ. સંજય એમ. શાહના માર્ગ દર્શન હેઠળ સમગ્ર બી.પી.સી.સી.એ.—બી.સી.એ. પરિવાર દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

# આજે 'વિશ્વ યુવા કૌશલ્ય દિવસ'

કોઈપણ દેશનો આર્થિક અને સામાજિક વિકાસ તેના નાગરીકના જીવન ધોરણ ઉપરથી નક્કી થઈ શકે છે. દેશની પ્રગતીમાં તે દેશની અન્ય સમસ્યાઓની સાથે બેરોજગારી એટલી જ બાધારૂપ હોય છે. દેશનું યુવાધન એ દેશની કરોડરજ્જુ સમાન છે. સમાજના વિકાસનો મુખ્ય આધારસ્તંભ છે. તેથી આ યુવાધનને રોજગારી આપી યોગ્ય દિશામાં વાળવાની જરૂર છે. યુવાનો રોજગારી અને સ્વ-રોજગારી મેળવવા માટે જરૂરી કૌશલ્ય પ્રાપ્ત કરે અને તે કૌશલ્ય મેળવવા અંગેની જાગૃતિ અને તેનું રોજગારી મેળવવામાં કેટલું મહત્વ છે તેને લઈને વિશ્વભરમાં ૧૫મી જુલાઈનો દિવસ 'વિશ્વ યુવા કૌશલ્ય દિવસ'તરીકે ઉજવવામાં આવે છે. પ્રેક્ટિકલ જ્ઞાન કોઈ પણ નોકરી માટે જરૂરી છે તેને બદલે ભારતની શિક્ષણ પદ્ધતિ થિયોરીટીકલ જ્ઞાન ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. કુશળતાને બદલે માત્ર ગ્રેડથી બુદ્ધિ માપવામાં આવે છે. તે બેરોજગારી માટેના કારણોમાંનું મુખ્ય કારણ છે. અન્ય કારણોમાં આર્થિક મંદી ઉપરાંત, રોજ બદલાતી જતી ટેકનોલોજી, વસ્તી વધારો, ભ્રષ્ટાચાર છે. વધતી બેરોજગારીને કારણે યુવાનના મન ઉપર નકારાત્મક પડે અસર પડે છે. અને તે લાયક હોવા છતાં નોકરી શોધવા નિરુત્સાહી બને છે અને નોકરી અને કમાણીની આશા છોડી દે છે. આ પ્રકારની બેરોજગારીને સ્વૈચ્છિક બેરોજગારી કહેવામાં આવે છે. આ સ્થિતિમાં યુવાનોને મોટીવેશન જરૂરી છે. ઉદ્યોગોને 'સ્કિલ મેનપાવર' નથી મળતો અને તેના કારણે બેરોજગારી વધે છે તે વિશ્વમાં બેરોજગારીના ચિંતા જનક મુદ્દાઓ પૈકી એક છે. વિકસિત દેશોએ પણ આ સમસ્યાનો સામનો કરવો પડે છે. આમ, તો તે વ્યક્તિગત અસર કરે છે, પરંતુ આખરે તો તેની અસર દેશના વિકાસ ઉપર પડે છે.

ભારતમાં યુવાનોને યોગ્ય કૌશલ્ય મળી રહે તે હેતુથી 'સ્કિલ ઈન્ડિયા ' ચળવળ શરૂ કરવામાં આવી છે. ગુજરાતમાં સ્કિલ યુનિવર્સિટી, ગુજરાત સ્કિલ ડેવલોપમેન્ટ મિશન જેવી સંસ્થાઓ કૌશલ્યના વિકાસ કરવા સાથે સંકળાયેલ છે. જ્યાં પુસ્તકની કેળવણીની સાથે સાથે મસ્તકની કેળવણી-મોરલ-આત્મબળ વધારવાની તાલિમ આપવામાં આવે છે. જીવન કૌશલ્યોનું ઘડતર કરવામાં આવે છે. તેવી ૭૭૯ જેટલી સરકારી અને ખાનગી ઔદ્યોગિક તાલિમ સંસ્થાઓ અસ્તિત્વ ધરાવે છે. જેમાં તાલિમાર્થીઓને કલમ-ઓજાર-કોમ્પ્યુટર-કૌશલ્યના સમન્વયથી શરીર-મન-આત્માના શ્રેષ્ઠ અંશોને બહાર કાઢવાનો ઉધમ સવારે સાત વાગ્યાથી લઈ સાંજે આઠ વાગ્યા સુધી અવિરત થાય છે. ગુજરાતમાં ૫૦૦ જેટલા કૌશલ્ય વર્ધન કેન્દ્રો (કે.વી.કે) મળીને આશરે ૯૦૦૦૦૦ લોકોને તાલીમ આપીને તેમના કૌશલ્યોનો વિકાસ કરવામાં આવે છે.જીવનયાત્રામાં જ્ઞાન, કર્મ, બુધ્ધિ અને કૌશલ્યના સપ્રમાણ ઉપયોગ કરવાથી જીવનસાફલ્યના શિખર ઉપર પહોંચી શકાય.

- સતિષ શામળદાન ચારણ

# મારે આરઆરબીની પરીક્ષા આપવી છે, માહિતી આપશો

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ


નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, દેહગમ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર લાઈક કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. હું હાલમાં એમ.કોમ,નો અભ્યાસ કરું છું. મારે આર.આર.બી.ની પરીક્ષા આપવી છે. તેના વિષે માહિતી આપવા વિનંતી.**

**- રીંકલ ચૌધરી, પાલનપુર**

રીંકલ આર.આર.બી. ની પરીક્ષા વિષે તમે જાણવા માંગો છો પરંતુ આર.આર.બી.ના બે અર્થ નીકળતા હોય છે. એક રેલ્વે રિક્રૂટમેંટ બોર્ડ અને બીજું રીજીયોનલ રૂરલ બૅન્ક (ગ્રામીણ બૅન્ક). અમે તમને બંને વિષે થોડી માહિતી આપીશું. રેલ્વેમાં જોબ માટે રેલ્વે રિક્રૂટમેંટ બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાને આર.આર.બી આપવી પડે છે. તેમાં મુખ્યત્વે ચાર ગ્રુપ હોય છે – ગ્રુપ એ, ગ્રુપ બી, ગ્રુપ સી અને ગ્રુપ ડી. ગ્રુપ એ એટ્લે સીનિયર પોજિશન માટે હોય છે અને તેની પરીક્ષા યુ.પી.એસ.સી. દ્વારા લેવામાં આવે છે. ગ્રુપ બી માટે મોટાભાગે ગ્રુપ 'સી' માંથી પ્રમોશન મેળવેલા લોકોને સિલેક્ટ કરવામાં આવે છે. ગ્રુપ 'સી' અને 'ડી' ની પરીક્ષા ભારતમાં સ્થિત ૨૧ રેલ્વે રિક્રૂટમેંટ બોર્ડ લેતા હોય છે. રેલ્વેમાં ટેક્નિકલ અને નોન-ટેક્નિકલ એવી બે પરીક્ષા લેવાતી હોય છે. સામાન્ય રીતે ગણિત, અંગ્રેજી, તાર્કિક (રીજનિંગ), જનરલ નોલેજ અને જનરલ સાઈન્સ પર પ્રશ્નો પૂછાતા હોય છે. ટેક્નિકલ પરીક્ષામાં ટેક્નિકલ વિષયોનો પણ સમાવેશ કરવામાં આવે છે. જોબ પ્રમાણે ઘણી વખત "ટાઈપિંગ ટેસ્ટ' વિગેરે પણ લેવામાં આવે છે.




હવે વાત કરીયે રીજઓનલ રૂરલ બૅન્ક એટ્લે કે ગ્રામીણ બૅન્કની. આ પરીક્ષામાં બે પ્રકારની પોસ્ટ હોય છે - એક અસિસ્ટેંટ (ક્લાર્ક) તરીકે અને બીજી ઓફિસર તરીકે. આ પરીક્ષાથી તમે અલગ-અલગ રાજ્યોમાં સ્થિત ગ્રામીણ બૅન્કોમાં નોકરી મેળવી શકો છો. આ પરીક્ષામાં બે થી ત્રણ તબક્કા હોય છે – પ્રિલિમ, મેઈન અને ઈન્ટરવ્યૂ/સ્કીલ ટેસ્ટ. સામાન્ય રીતે આ પરીક્ષામાં પણ ગણિત, અંગ્રેજી, તાર્કિક (રીજનિંગ), જનરલ નોલેજ પર પ્રશ્નો પૂછાતા હોય છે. ઓફિસર અને અસિસ્ટેંટ , બંને પરીક્ષાઓમાં પ્રિલિમ પરીક્ષામાં અંગ્રેજી પૂછાતું નથી પણ મેઈન પરીક્ષામાં પૂછાતું હોય છે. ઓફિસરની પોસ્ટ માટે પ્રિલિમ અને મેઈન પરીક્ષા પાસ કર્યા પછી ઈન્ટરવ્યૂ આપવો પડતો હોય છે. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.

**૨. મેં બી.એસસી.ની પરીક્ષા આપી છે. છઠ્ઠા સેમેસ્ટરનું પરિણામ આવવાનું હજી બાકી છે. મારે સરકારી નોકરી કરવી છે. હું કઈ-કઈ પરીક્ષા આપી શકું?**

**- અર્થ પ્રજાપતિ, ગાંધીનગર**

જયમીન તમારા કરિયર વિષેની જાગૃતિ જોઈ ને ખૂબ આનંદ થાય છે. તમે બી.એસ.સી ની ફાઈનલ પરીક્ષા આપી દીધી છે એટ્લે તમે મોટાભાગની બધીજ પરીક્ષા આપી શકશો જેમાં લાયકાત એક સ્નાતક (ગ્રેજયુએટ)ની હોય છે. સરકારી નોકરીને આપણે બે ભાગમાં સમજી શકીએ. એક રાજ્ય સરકાર અને બીજી કેન્દ્ર સરકાર. રાજ્ય સરકારની વાત કરીયે તો જી.પી.એસ.સી દ્વારા તમે ક્લાસ ૧ અને ક્લાસ ૨ અફસર તમે બની શકો છો. તેના સિવાય તમે બિન સચિવાલય ક્લાર્ક, જૂનિયર ક્લાર્ક, હાઈ કોર્ટ ક્લાર્ક, તલાટી, ડેપ્યુટી મામલતદાર જેવી વર્ગ ૩ (ક્લાસ ૩) ની પરીક્ષા આપી શકો છો. રાજ્ય પોલિસમાં તમે કોંસ્ટેબલ, પી.એસ.આઈ., એ.એસ.આઈ. અને પી.આઈ. જેવી જગ્યાઓ માટે પરીક્ષા આપી શકો છો. કેન્દ્ર સરકાર માટે તમે એસ.એસ.સી.(સ્ટાફ સિલેક્શન કમિશન) દ્વારા લેવાતી પરીક્ષાઓ આપી શકો છો. તદુપરાંત યુ.પી.એસ.સી દ્વારા લેવાતી સિવિલ સર્વિસિસની પરીક્ષા દ્વારા તમે આઈ.એ.એસ, આઈ.પી.એસ., વિગેરે જેવી પ્રતિષ્ઠિત જોબ પણ મેળવી શકો છો. અમુક અર્ધ સરકારી (સેમી-ગવર્નમેંટ) પરીક્ષાઓ જેમકે આઈ.બી.પી.એસ. ( રાષ્ટ્રીયકૃત બૅન્ક માટે), એસ.બી.આઈ અને આર.બી.આઈ. જેવી પરીક્ષાઓ પણ તમે આપી શકો છો.



અમે તમારું ધ્યાન ભારતીય લશ્કરી દળો તરફ પણ દોરવા માંગીશું. ૧૦/૧૨/સ્નાતક (ગ્રેજયુએટ) થયા પછી તમે ભારતીય લશ્કરી દળોમાં પણ નોકરી મેળવી શકો છો. લશ્કરી દળમાં જોડાવાથી દેશને સેવા આપવાનો એક મોકો મળે છે. અફસરી જગ્યાઓ માટે સી.ડી.એસ., એ.એફ.સી.એ.ટી. (લશ્કરી દળો માટે) અને સી.એ.પી.એફ (અર્ધ લશ્કરી દળો માટે) જેવી પરીક્ષાઓ આપવાની હોય છે. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.

**૩. મે બી.કોમ. નો અભ્યાસ કર્યો છે. નવેમ્બર-ડિસેમ્બર માં લેવાતી આઇ.બી.પી.એસ ઓફિસર અને ક્લાર્ક ની પરીક્ષા પેહલા ટ્રાયલમાં પાસ કરવી છે. કેટલી મેહનત કરવી જોઈએ અને કેવી રીતે પ્લાનિંગ કરવું?**

**- પ્રતિક ઠાકોર, પાલજ**

પ્રતિક તમારો પ્રશ્ન જોઈને તમારો ઉત્સાહ સમજી શકાય છે. ખૂબ સરસ. હવે પહેલા ટ્રાયલમાં પરીક્ષા પાસ કરવા માટે તમારે ચોક્કસ પ્લાનિંગ સાથે મેહનત કરવી પડશે. દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપતા હોય છે.



કેટલા કલાક મેહનત કરવી એ પ્રશ્નનો જવાબ આપવો અઘરો છે. પણ એટલું જરૂર કહીશું ક જેટલી મેહનત કરી શકતા હોવ તેટલી કરજો. આ સમય પાછો નથી આવવાનો. જેટલી પ્રબળતા સાથે મેહનત કરશો તેટલું તમારા માટે સારું રહેશે. પ્લાનિંગની બાબતમાં એવું કહીશું કે હજી તમારા પાસે ઘણો સમય છે. આ પરીક્ષામાં ગણિત, અંગ્રેજી, તાર્કિક (રીજનિંગ), જનરલ નોલેજ પર પ્રશ્નો પૂછાતા હોય છે. અત્યારે તમે જેમાં નબળા પડો છો તેના પર વધારે ધ્યાન આપો અને વધારે પ્રેક્ટિસ કરો. આગળ જતાં બધાજ વિષય પર સરખું ધ્યાન આપો. પરીક્ષા આપતા પેહલા મોક ટેસ્ટ (પ્રેક્ટિસ ટેસ્ટ) જરૂરથી આપો. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.

**પ્રતિસાદ (ફિડબેક)**



હું 'ગાંધીનગર સમાચાર'માં પ્રકાશિત હાર્દિક સરની કૉલમ "કરિયર કોર્નર" દર શનિવારે ચોક્કસપણે વાંચું છું. તેમના જવાબો બહુ સચોટ, વ્યવસ્થિત અને સરળ હોય છે. મને તેમની સ્પષ્ટતા અને ભાષા ખૂબજ ગમે છે. તેઓ વિદ્યાર્થીઓને એક સકારાત્મક અભિગમ આપે છે તેનો ખૂબ આનંદ છે. આ કૉલમ વિદ્યાર્થીઓ માટે ખરેખર મદદરૂપ અને માહિતીપ્રદ છે. આ પ્રકારના પ્રકારની ઈનપુટ્સનું હંમેશાં સ્વાગત છે. ઓલ ધી બેસ્ટ.

**- મોનિકા**

આપના કરિયર ને લગતી મૂંઝવણો અને પ્રશ્નો What's aap કે Email ધ્વારા પૂછી શકો છો.

ઈmail ID- questions.careercroner@gmail.com

(M) ૮૮ ૪૯ ૨૨ ૧૬ ૫૩,

નોંધ - તમારા પ્રશ્નો સાથે તમારુ નામ,ઉંમર, અભ્યાસ, ઈmail-ID અને મોબાઈલ નંબર લખવો આવશ્યક છે.